# Section 82
# (Proclamation for absconding person)

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ આરોપી નિરજ મનસુખભાઈ કાચા સામે થતા તેની વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ જે આરોપીને આંક–૪ થી બજી જવા છતા આરોપી નિરજ કાચા તા.૧/૧/૨૦૧૨ ના રોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર ન થતા ફરીયાદી દિનેશ રામજીભાઈ પીઠડીયાએ આરોપી સામે પકડ વોરંટ ઈસ્યુ કરવા અરજ કરેલ જે અરજી નીચે નામદાર કોર્ટે આરોપી વિરુધ્ધ રુા.૨,૦૦૦/–નું જામીન લાયક વોરન્ટ ઈસ્યુ કરેલ જે વોરન્ટ આરોપીને આંક–૬ થી બજી જવા છતા આરોપી અત્રેની કોર્ટમાં હાજર થયેલ નથી. આરોપીની ગેરહાજરીને કારણે કેસ વિલંબમાં પડે છે અને ફરીયાદપક્ષને અન્યાય થાય છે, આ સંજોગોમાં અન્ય વિકલ્પ ન રહેતા જેથી ફરીયાદી દિનેશભાઈએ તા.૧૫/૪/૨૦૧૨ ના રોજ આરોપી સામે પકડ વોરન્ટ ઈસ્યુ કરવા અરજી કરેલ જે અન્વયે આરોપી સામે પકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જે વગર બજે પરત થતા વારંવાર આરોપી વિરુધ્ધ પકડ વોરંટ ઈસ્યુ કરવા છતા આરોપી મળી આવતો ન હોય ફરીયાદી ધ્વારા અત્રેની કોર્ટમાં આરોપીને ભાગેડુ જાહેર કરવા અરજી કરેલ જેમાં <u>ગણેશભાઈ વીરજીભાઈ રબારી વી. સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૦૯–૧ – જી.એલ.આર – ૭૯૧)</u> ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત તથા હકીકત અને રેકર્ડ ધ્યાને લઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું

## <u>હુકમ</u>

આરોપી નિરજ મનસુખભાઈ કાચા, ઠે. રણજીત નગર, બ્લોક નંબર–એ–૨૦, રહેવાસી–જામનગરવાળા, ધંધો–વેપાર, ઉ.વ.આ.૪૦ ને સી.આર.પી.સી.ની કલમ–૮૨ મુજબ ભાગેડુ જાહેર કરવાનો હુકમ ફરમાવું છું. જાહેરનામાની એક પ્રત કોર્ટના પ્રવેશદ્વાર અને આરોપીના રહેઠાણ / ધંધાના સ્થળે ચોડી પ્રસિધ્ધિ કરવી, આરોપીને જાહેરનામાની

**પ્રસિધ્ધિથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટ સમક્ષ હાજર થવા ફરમાવવામાં આવે છે, જો તેમ કરવામાં કસુર કરશે તો આગળની યોગ્ય તે કાનૂની કાર્યવાહી કરવાની રહેશે, તેની નોંધ લેવી.**

**સ્થળ :–**

**તા.** **જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)**